**વિષય : બાંગ્લાદેશ સાથે જમીન સરહદ કરાર સંબંધિત બંધારણ કલમ-119(એક સો અને ઓગણીસમી) સુધારણા ખરડો, 2013 સામે વિરોધ**

મેં બાંગ્લાદેશ સાથે જમીન સરહદ કરાર સંબંધિત બંધારણ સુધારણા ખરડો રજૂ કરવા સામે વિરોધ દર્શાવતો પત્ર અગાઉ રાજ્ય સભાના અધ્યક્ષને પાઠવ્યો હતો. મારા વાંધો ભારતના પ્રદેશોના માળખા બદલવા માટે સંસદ કોઈ સત્તા ધરાવે છે કે કેમ તે હકીકત પર આધારિત છે. 'બંધારણની મૂળભૂત સંરચના' નો મદ્દો કેશવાનંદ ભારતી કેસ વખતે વર્ષ 1973 બાદ ઉપસ્થિત થયો હતો. બંધારણના મૂળ માળખામાં તે પ્રદેશને સાર્વભૌમત્વ ગણવામાં આવ્યો છે અને તે વિસ્તાર બંધારણના મૂળભૂત માળખાનો હિસ્સો હોઈ તેમાં ફેરફાર ન થઈ શકે.

મેં આ બાબતે ગૃહમાં રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ તે વખતના માહોલને ધ્યાનમાં રાખીને રાજ્યસભાના નાયબ અધ્યક્ષશ્રીએ મંજૂરી આપી ન હતી . જો કે માનનીય વિદેશ પ્રધાન શ્રી સલમાન ખુર્શીદ દ્વારા ડિસેમ્બર 13, 2013 ના રોજ એક લેખિત જવાબમાં તે અંગેની કેટલીક માહિતી મને આપવામાં આવી હતી. મારો પત્ર અક્ષર અને પ્રધાનશ્રીનો પ્રત્યુત્તર આ સાથે જોડું છું.

પ્રધાનશ્રીનો જવાબ સુપ્રીમ કોર્ટના ચોક્કસ ચુકાદાઓ પર આધાર રાખે છે. જો કે તે ચુકાદાઓને પ્રદેશના મૂળ માળખાના ભાગની સાથે કે બંધારણમાં સુધારણા કરવાની સાથે કોઈ સંબંધ નથી.

**( અરુણ જેટલી )**